પેન્શનના લાભો

રૂપાંતરીત ગ્રામ / નગર પંચાયતોનાં કર્મચારીઓને આપવા બાબત:- સી.પી.એફ પર વસુલ લીધેલ વ્યાજ પરત ચૂકવવા બાબત...

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-નપમ/૧૦૮૫/૧૪૨૯(૨) / ક.
સચિવાલય, ગાંધીનગર,
તારીખ :- ૨૭/૧૨/૧૯૯૩,

વંચાણમાં લીધા :-

(૧) પંચાયત વિભાગનો તા. ૧૭/૧૦/૧૯૮૩ નો ઠરાવ ક્રમાંક:-નપમ/૧૦૮૩/-૧૩૩૦/ ક.૧,
(૨) પં.અને ગ્રા.ગૃ.ન. વિભાગનો તા.૭/૩/૧૯૮૪ નો ઠરાવ ક્રમાંક:-નપમ/-૧૦૮૩/૧૩૩૦/ ક.૧

-: ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ તા. ૧૭/૧૦/૧૯૮૩ ના ઠરાવ અન્વયે જુની સુધરાઈઓમાંથી રુપાંતર પામેલી ગ્રામ અને નગર પંચાયતોના જે એલોકેટેડ કર્મચારીઓએ પેન્શન યોજના માટે વિકલ્પ આપેલ હોય તેમણે તેમને મળેલી સી.પી.એફ. ની રકમ પૈકીની પંચાયતના ફાળાની રકમ તથા આ રકમ જેટલા સમય માટે કર્મચારી પાસે રહેલ હોય તેટલા સમય માટેના વ્યાજ સહિત સરકારમાં જમા કરાવવાની રહેતી હતી.

૨. આ બાબતમાં રાજ્ય સરકારે પુનઃવિચારણા કરેલ છે. અને ઉપર દર્શાવેલ સમયગાળા પૈકી તા. ૧/૧૦/૧૯૭૭ થી તા.૩૧/૩/૧૯૮૩ સુધીના સમયનું વ્યાજ માફ કરવા નિર્ણય કરેલ છે. એટલે જે એલોકેટેડ કર્મચારીઓ તા. ૧/૧૦/૧૯૭૭ પહેલાં નિવૃત્ત થયેલ છે. તેમના કિસ્સામાં તા. ૧/૧૦/૧૯૭૭ થી તા.૩૧/૩/૧૯૮૩ સુધીનું અને જે કર્મચારીઓ તા. ૧/૧૦/૧૯૭૭થી તા.૩૧/૩/૧૯૮૩ દરમ્યાન નિવૃત્ત થયેલ છે. તેમના કિસ્સામાં નિવૃત્તની તારીખથી તા.૩૧/૩/૧૯૮૩ સુધીનું વ્યાજ પરત કરવાનું રહે છે. અને જે કર્મચારીઓ તા: ૩૧/૩/૧૯૮૩ બાદ નિવૃત્ત થયેલા છે. તેમના કિસ્સામાં કોઈ જાતનું વ્યાજ પરત કરવાનું રહેશે નહી.

૩. ઉપર જણાવ્યા મુજબ વ્યાજની પરત ચૂકવણી માટે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન નીચે જણાવેલ સદરે રૂા.૫,૦૭,૦૦૦/- ( અંકે રૂપિયા પાંચ લાખ સાત-હજાર પુરા ) નો વધારાનો ખર્ચ કરવા માટે વિકાસ કમિશનરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

કૃપયા પાછળ ૨/...

| જિલ્લા નું નામ | ચૂકવવાપાત્ર રકમ રૂા. |
|---|---|
| અમદાવાદ | ૬૧,૫૦૦ |
| અમરેલી | ૨૫,૬૮૦ |
| ખેડા | ૨૩,૯૫૦ |
| જામનગર | ૩૦,૪૦૦ |
| જુનાગઢ | ૯૪,૧૫૦ |
| પંચમહાલ | ૨૩,૭૦૦ |
| બનાસકાંઠા | ૩૨,૯૫૦ |
| ભરુચ | ૨૯,૧૫૦ |
| ભાવનગર | ૩૦,૨૦૦ |
| મહેસાણા | ૨૮,૦૦૦ |
| રાજકોટ | ૧૭,૫૫૦ |
| વડોદરા | ૩૦,૫૦૦ |
| વલસાડ | ૧૧,૭૦૦ |
| સુરત | ૩૪,૮૦૦ |
| સુરેન્દ્રનગર | ૩૬,૭૦૦ |
| | ૫,૧૭,૦૦૦ |

૪. ઉપર પ્રમાણેની રકમ વિકાસ કમિશનરશ્રીએ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીને હવાલે મુકવાની રહેશે અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ આ રકમની ચુકવણી તા.૩૧/૧/૧૯૯૪ સુધીમાં કરાને તેની જાણ વિકાસ કમિશનરશ્રી તથા આ વિભાગને કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ ''૨૦૪૯-વ્યાજની ચૂકવણી -૬૦-અન્ય જવાબદારીઓ પર વ્યાજ -૭૦૧-પરચુરણ ચૂકવણી (૨) પંચાયતનાં કર્મચારીઓને વાર્ષિક ભાવિષ્યનિધિ પરનાં વ્યાજની પરત ચૂકવણી હેઠળ ઉધારવાનો રહેશે.

૬/. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૪/ ૧૨/ ૧૯૯૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે.સી.મહેતા
સેક્શન અધિકારી
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ, રાજકોટ,
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ,
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ( ગાંધીનગર અને ડાંગ સિવાય )
સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ( ગાંધીનગર અને ડાંગ સિવાય )
સરપંચશ્રી/ અધ્યક્ષશ્રી ..........................ગ્રામ / નગર
પંચાયત..........................જિલ્લા ..........................
સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ (ગાંધીનગર)
અને ડાંગ સિવાય ) નાણાંકીય સલાહકારશ્રી, પં.અને ગ્રા.ગૃ.નિ.વિભાગ
સચિવાલય, ગાંધીનગર , સર્વે શાખાઓ પં.અને ગ્રા.ગૃ.નિ.વિભાગ, સચિવાલય,
ગાંધીનગર ( ક- શાખા સિવાય )

(૪૯૪/સ્ટે/ન.)